પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 30-03-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

*****************************************************

**1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી "મેરા બૂથ સબસે મજબૂત સંવાદ" કાર્યક્રમ હેઠળ આજે આસામ અને પુડુચેરીના પક્ષના કાર્યકર્તાઓને સંબોધશે.**

**2) પ્રધાનમંત્રી આવતીકાલે ગુજરાતના એક દિવસના પ્રવાસ દરમિયાન 19હજાર 800 કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોની ભેટ આપશે.**

**3) દેશમાં બેંકો ગ્રાહકોના ડેટાની સલામતી અને ગુપ્તતા સુનિશ્ચિત કરવા કાયદાકીય અને નિયમનકારી માળખા હેઠળ કાર્ય કરે છે- લોકસભામાં નાણામંત્રીનું નિવેદન.**

**4) અન્ય બે ભારતીય ટૅન્કર હજાર ટન 94LPGના જથ્થા સાથે ભારત આવવા રવાના.**

**5) IPL ક્રિકેટમાં રાજસ્થાન રોયલ્સ અને ચેન્નઈ સુપર કિંગ્સ વચ્ચે આજે આસામમાં મુકાબલો.**

………………………………………………………………

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

# PM MERA BOOTH SABSE MAZBOOT

પ્રધાનમંત્રી અને ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદી આજે નમો ઍપના માધ્યમથી "મેરા બૂથ સબસે મજબૂત સંવાદ" કાર્યક્રમ હેઠળ આસામ અને પુડુચેરીના પક્ષના કાર્યકર્તાઓને સંબોધશે. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ કહ્યું, ગત એક દાયકામાં આસામનો વિકાસ સૌની સામે છે અને રાજ્ય વિવિધ ક્ષેત્રમાં વિકાસની નોંધપાત્ર સિદ્ધિઓ માટે ઓળખાઈ રહ્યું છે.

શ્રી મોદીએ વધુમાં કહ્યું, વિકાસકાર્યોના કારણે લોકો ડબલ ઍન્જિન વાળી NDA સરકારના આગામી પાંચ વર્ષ માટે સંપૂર્ણ તૈયાર છે.

અન્ય એક સંદેશમાં શ્રી મોદીએ કહ્યું, ડબલ ઍન્જિનવાળી NDA સરકારે ગત પાંચ વર્ષમાં પુડુચેરીના લોકોની અપેક્ષાઓ પૂર્ણ કરી છે. તેમણે પુડુચેરીના પક્ષના કાર્યકર્તાઓ સાથેના સંવાદ અંગે ઉત્સાહ પણ વ્યક્ત કર્યો

# PM GUJARAT VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે એક દિવસ ગુજરાતના પ્રવાસે આવશે. તેમના આગમન પૂર્વે વહીવટી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. શ્રી મોદી નવરચિત વાવ-થરાદ જિલ્લામાંથી અંદાજે 19 હજાર 800 કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોની ભેટ આપશે.

સત્તાવાર યાદી મુજબ, પ્રધાનમંત્રી રાજ્યમાં 891 કરોડ રૂપિયાની રેલવે પરિયોજનાઓનું લોકાર્પણ કરશે. તેમજ ખેડબ્રહ્માથી હિંમતનગર થઈને અમદાવાદના અસારવા સુધીની નવી ટ્રેનને લીલીઝંડી આપશે.

ઉપરાંત શ્રી મોદી રાજ્યના શહેરોને પાંચ હજાર 295 કરોડ રૂપિયાથી વધુના 44 વિકાસ પ્રકલ્પોની ભેટ પણ આપશે. શ્રી મોદી અમદાવાદમાં ચાર હજાર 640 કરોડ રૂપિયાની 32 પરિયોજનાનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. તેઓ ઐતિહાસિક નગરી વડનગરમાં હેરિટેજ ટાઉન અને માર્ગ સૌંદર્યીકરણ પરિયોજનાનું પણ લોકાર્પણ કરશે.

શ્રી મોદી સાણંદમાં 3 હજાર 300 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે તૈયાર થયેલા કેન્સ સેમિકોનના સેમિકન્ડક્ટર OSAT પ્લાન્ટનું ઉદ્ઘાટન કરશે. ઉપરાંત તેઓ સાણંદ અને નરોડા ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ - G.I.D.C.ના 291 કરોડ રૂપિયાથી વધુની વિકાસલક્ષી પરિયોજનાનું લોકાર્પણ કરશે.

# LS-BANK CUSTOMER DATA

દેશમાં બેંકો ગ્રાહકોના ડેટાની સલામતી અને ગુપ્તતા સુનિશ્ચિત કરવા કડક કાયદાકીય અને નિયમનકારી માળખા હેઠળ કાર્ય કરે છે. કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મળા સીતારમણે આજે લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન પૂરક પ્રશ્નોના જવાબ આપતાં આ માહિતી આપી. તેમણે કહ્યું, પાંચ અલગ અલગ કાયદા છે અને બેંકોએ આ કાયદાઓનું પાલન કરવું પડશે. ડેટા ફક્ત જરૂરિયાતના આધારે એકત્રિત કરાય છે અને જરૂર પડ્યે અધિકારીઓને અપાય છે. સુશ્રી સીતારમણે કહ્યું કે, છેતરપિંડી અથવા અનધિકૃત ડેટા શેરિંગના કિસ્સાઓમાં, ભારતીય રિઝર્વ બેંક-RBI અથવા સંબંધિત અધિકારીઓને ફરિયાદ કરી શકાય છે.

સુશ્રી સીતારમણે સંસદમાં ભારતીય અર્થતંત્રની મજબૂતાઈનો મજબૂત બચાવ કરતાં કહ્યું કે રૂપિયાનું મૂલ્ય બજાર-આધારિત છે. તેમણે કહ્યું કે વૈશ્વિક અનિશ્ચિતતાને કારણે વિશ્વભરના ચલણોમાં અસ્થિરતા જોવા મળી રહી છે.

(BYTE: NIRMALA SITARAMAN)

# EC-NOTIFICATION-TN-WB

ચૂંટણી પંચે આજે તમિળનાડુ અને પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે જાહેરનામું બહાર પાડતાં આ રાજ્યોમાં ઉમેદવારીપત્રો ભરાવવાનું શરૂ થયું છે. તમિળનાડુમાં તમામ 234 વિધાનસભા બેઠક માટે એક તબક્કામાં અને પશ્ચિમ બંગાળમાં 152 બેઠક માટે પ્રથમ તબક્કાનું મતદાન 23મી અપ્રિલે થશે.

ઉમેદવારીપત્ર ભરવાની છેલ્લી તારીખ 6 એપ્રિલ છે, જ્યારે 7 એપ્રિલે ઉમેદવારીપત્રોની ચકાસણી કરાશે. તેમજ નવ એપ્રિલ સુધી ઉમેદવારીપત્રો પરત ખેચી શકાશે.

# BIHAR-RESIGNATION

બિહારના મુખ્યમંત્રી અને જનતા દળ (યુનાઈટેડ) ના પ્રમુખ નીતિશ કુમારે રાજ્ય વિધાન પરિષદના સભ્યપદેથી રાજીનામું આપ્યું. તાજેતરમાં રાજ્યસભામાં ચૂંટણી જીત્યા બાદ બંધારણીય જોગવાઈઓનું પાલન કરતાં તેમણે રાજીનામું આપ્યું હતું.

જેડી(યુ) ના વિધાન પરિષદના સભ્ય સંજય ગાંધીએ નીતિશ કુમારના રાજીનામાનો પત્ર વિધાન પરિષદના અધ્યક્ષ અવધેશ નારાયણ સિંહને સુપરત કર્યો હતો.

જેડી(યુ) ના વડા નીતિશ કુમાર આ મહિનાની 16મી તારીખે સંસદના ઉપલા ગૃહમાં બિનહરીફ ચૂંટાયા હતા.

દરમિયાન, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અને નવા ચૂંટાયેલા રાજ્યસભાના સાંસદ નીતિન નબીન આજે બિહાર વિધાનસભાના સભ્યપદેથી રાજીનામું આપશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# LPG TANKER

94 હજાર ટન LPGનો જથ્થો લઈને આવી રહેલા વધુ બે ભારતીય LPG ટેન્કર સ્વદેશ આવી રહ્યા છે. બંને ટેન્કર યુદ્ધગ્રસ્ત હોર્મુઝ સામુદ્રધુનીમાંથી સુરક્ષિત રીતે પસાર થઈ ગયા છે. એક LPG ટેન્કર BW TYR આવતીકાલે મુંબઈ અને બીજું ટૅન્કર BW ELM પહેલી એપ્રિલે ન્યૂ મેંગ્લોર પહોંચે તેવી સંભાવના છે.

(VOICECAST: SHAKTI SINGH)

# KUWAIT-IRANIAN ATTACK

ઇરાને કુવૈત પર ગત સાંજે કરેલા હુમલામાં એક પાવર અને પાણીના શુદ્ધિકરણ પ્લાન્ટની ઈમારતને નુકસાન થતાં એક ભારતીય શ્રમિકનું મોત થયાના અહેવાલ છે. કુવૈતના વીજળી, પાણી અને નવીનીકરણીય ઉર્જા મંત્રાલયના પ્રવક્તાના જણાવ્યા મુજબ, અહીં તાત્કાલિક કટોકટી અને તકનીકી ટુકડીઓ તહેનાત કરવામાં આવી હતી. અધિકારીઓએ અસરગ્રસ્ત સ્થળને સુરક્ષિત રાખવા સુરક્ષા સંસ્થાઓ સાથે સંકલન કર્યું હતું. વીજળી અને પાણી પુરવઠામાં સ્થિરતા સુનિશ્ચિત કરવા પ્રયાસ યથાવત્ છે.

દરમિયાન કુવૈતમાં ભારતીય દૂતાવાસે આ હુમલામાં ભારતીય નાગરિકના દુઃખદ મોત પર શોક વ્યક્ત કર્યો છે. દૂતાવાસે સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું હતું કે તે શક્ય તમામ સહાય પૂરી પાડવા કુવૈતના તંત્ર સાથે સંકલન કરી રહ્યું છે.

# IPL CRICKET

ઇન્ડિયન પ્રીમિયર લીગ – I.P.L. ટી-20 ક્રિકેટમાં આજે રાજસ્થાન રોયલ્સ અને ચેન્નઈ સુપર કિંગ્સ વચ્ચે મેચ રમાશે. આસામના ગુવાહાટીમાં બારસાપારા ક્રિકેટ સ્ટેડિયમમાં સાંજે સાડા સાત વાગ્યે મેચ શરૂ થશે. રાજસ્થાનની ટીમ રિયાન પરાગ અને ચેન્નઈની ટીમ ઋતુરાજ ગાયકવાડની આગેવાની હેઠળ મેદાનમાં ઉતરશે.

ગઈકાલે મુંબઈ ઇન્ડિયન્સે કોલકાતા નાઈટ રાઈડર્સને છ વિકેટથી હરાવ્યું હતું. મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં પહેલા બેટિંગ કરતા કોલકાતા નાઈટ રાઈડર્સે 220 રન બનાવ્યા. જવાબમાં મુંબઈ ઇન્ડિયન્સની ટીમે 19.4 ઓવરમાં 224 રન બનાવી મેચ જીતી લીધી.

# SL PREZ FUEL INDIA

શ્રીલંકાના રાષ્ટ્રપ્રમુખ અનુરાકુમારા દિસાનાયકેએ પશ્ચિમ એશિયા સંઘર્ષ વચ્ચે દેશને ઇંધણ મોકલવામાં ભારતના સહકાર બદલ આભાર વ્યક્ત કર્યો. કોલમ્બોમાં પેટ્રોલિયમનો એક મોટો જથ્થો પહોંચ્યા બાદ શ્રી દિસાનાયકેએ સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું, તેમણે તાજેતરમાં શ્રીલંકામાં ઇંધણની અછત અંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે વાત કરી હતી.

શનિવારે કોલમ્બોમાં 20 હજાર મૅટ્રિક ટન ડિઝલ અને 18 હજાર મેટ્રિક ટન પેટ્રોલનો જથ્થો પહોંચ્યા બાદ તેમણે ભારતના તાત્કાલિક સહકાર બદલ આભાર માન્યો.

# BRENT CRUDE PRICE

ક્રૂડ ઓઇલના ભાવ આજે પ્રતિ બેરલ 115 ડોલરથી વધુ થયા છે. યમનના હુથી બળવાખોરો દ્વારા ઇઝરાયેલ પર પ્રથમ હુમલો કરાયા બાદ આ ભાવ વધારો થયો છે.  આ હુમલાથી પશ્ચિમ એશિયામાં ઇરાન સાથે અમેરિકા -ઇઝરાયેલ સંઘર્ષ વધુ તીવ્ર બન્યો છે. ક્રૂડ ઓઇલના ભાવ 2.7 ટકા વધીને 115.66 ડોલર થતા આ મહિને ક્રૂડ ઓઇલના ભાવમાં 59 ટકાનો વધારો થયો છે, જે 1990ના ગલ્ફ વોર પછીનો સૌથી મોટો માસિક વધારો છે.